તમારો પ્રત્યેક શબ્દ પ્રાર્થના બને અને તમારું પ્રત્યેક કર્મ 'યજ્ઞ' બને એવું જીવન જીવો
- મિખાઇલ નેમી

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૧ | ૧૦ જુલાઇ ૨૦૧૨, મંગળવાર, અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

મુકત અને ન્યાયી ચૂંટણીઓ માટે પંચ પ્રતિબધ્ધ

રાજયમાં પોલીસ વડાની જ નહિ ઘણી બધી મહત્વની જગ્યાઓ ખાલી છે, તે માટે મુખ્ય સચિવ સાથે પંચનો ચર્ચાનો દોર ચાલુ છે : મતદાર યાદી સુધારણામાં ૨.૨૬ ટકા જેટલા નવ મતદારો મળી આવ્યા છે, યુવા મતદારોની નોંધણીમાં તંત્રના પ્રયાસો સફળ રહ્યાનો દાવો કરતા મુખ્ય ચૂંટણી કમિશનર

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેની ચૂંટણી પંચની પ્રતિબધ્ધતા વ્યકત કરતાં મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સંપટે ગુજરાતમાં ડી.જી. જ નહિ પણ બીજી મહત્વની ખાલી જગ્યાઓ ઝડપથી ભરવામાં આવે તે માટે ચિંતા વ્યકત કરી હતી. તેમણે કહ્યું કે આ મુદ્દે રાજયના મુખ્ય સચિવશ્રી ત્થા ગૃહ સચિવ સાથે પંચની બેઠકનો દોર ચાલુ છે.

ગુજરાતની મુલાકાતે આવેલા શ્રી સંપટે જણાવ્યું હતું કે ગુજરાતમાં સામાન્ય ચૂંટણીઓને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ જે આરંભાઈ છે તેનાથી તેઓ સંતુષ્ટ છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં હાલ મતદાર યાદી સુધારણા ઝુંબેશની કામગીરી પૂર્ણ થઈ છે અને ૩.૬૯ કરોડ મતદારો થવા જાય છે ૨.૨૬ ટકા જેટલા નવા મતદારોનો ઉમેરો થઈ રહ્યો છે.

શ્રી સંપટે જણાવ્યું હતું કે પોલીસ વડા સહિત સંખ્યાબંધ જગ્યાઓ જે મહત્વની છે તે ખાલી છે અને આ અંગે રાજયના મુખ્યસચિવ, ગૃહસચિવ સાથે પંચ બેઠક કરી જ રહ્યું છે. આ જગ્યાઓ ઝડપથી ભરાય તેવો આગ્રહ ચોકકસ હશે તેવો સંકેત પણ તેમણે વાતચીતમાં આપ્યો હતો.

તેમણે જણાવ્યું કે આજે સવારે રાજકીય પક્ષો સાથેની બેઠક ઘણી જ સારી રહી હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે આ બેઠકમાં થયેલા સૂચનો ઘણા મહત્વના ઉપયોગી હતી. શ્રી સંપટે કહ્યું કે મતદાર યાદીમાં ડુપ્લીકેટ નામો, ડુપ્લીકેટ એપિક કાર્ડ વિગેરે બાબતો અંગે ચિંતા વ્યકત કરવામાં આવી હતી. જો કે માણસા વિધાનસભાની પેટા ચૂંટણીની જેમ જ ફોટો વોટર સ્લીપ સામાન્ય ચૂંટણીઓ વખતે વિતરણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે મતદાર યાદી શુધ્ધ અને ક્ષતિરહિત બને તે માટેના પુરેપુરા પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું કે મતદાન મથક દીઠ મતદારની યાદી, વિધાનસભા વિસ્તાર દીઠની યાદી સી.ઈ.ઓ.ની વેબસાઈટ પર મુકવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

નાણાંકીય હેરાફેરીમાં વેપારીને ખોટી કનડગત ન થાય તેની કાળજી લેવાશે, ચૂંટણીઓ જાહેર કરતા પહેલાં પર્વોની ઉજવણી અંગે લોકોની ભાવનાઓનું પણ ધ્યાન રખાશે

ચોમાસું તો હજુ જામ્યો નથી, વરસાદે હજુ તો ટ્રેલર પણ બતાવ્યું નથી ત્યાં જ ગાંધીનગરમાં ગંદકીએ દેખા દેવાની શરૂ કરી દીધી છે. આ તસવીર એનો પુરાવો છે, જે છે સેકટર-૨૪, ઈન્દિરાનગર ખાતેની. અહીં ગંદકીએ એવી માઝા મૂકી છે કે જેના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ ઊભી થઈ છે. સ્થાનિક લોકોએ તંત્ર સમક્ષ ધા નાખી છે કે આ સમસ્યાથી તેમને તુરત જ નિજાત અપાવવામાં આવે. અલબત્ત, ગંદકી પ્રસરે નહીં એ માટે વસાહતીઓએ પણ પોતાની જવાબદારી સમજીને તકેદારી રાખવાની જરૂર છે. (તસવીર : દિપક જાની)

ગુજરાતમાં એક તબક્કામાં ચૂંટણી કરવા કોંગ્રેસની સંપતને રજૂઆત

ત્રણ લાખ કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે અલગ વ્યવસ્થા રાખવી જોઇએ ભાજપ કહે છે કે ચૂંટણી સમયમાં વેપાર-ઉદ્યોગો હેરાન ન થાય તે જોવું જોઇશે

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૯

ભારતના ચૂંટણી કમિશનર સમક્ષ કોંગ્રેસે એક જ તબક્કામાં ચૂંટણી કરવાની માગણી મૂકી છે અને સાથે જણાવ્યું છે કે ચૂંટણી કામમાં રોકાયેલા કર્મચારીઓને મતદાન કરવા મળે તે માટે ચૂંટણી પંચે અલગથી વ્યવસ્થા ગોઠવવી જોઇએ, જ્યારે ભાજપે કહ્યું હતું કે ચૂંટણીના સમયમાં રાજયના ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ કારણ વિના પરેશાન થવા ન જોઈએ.

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર વી.એસ.સંપત ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેઓ આજે ચીફ સેકેટરી, રાજય પોલીસ વડા, રાજકીય પક્ષના આગેવાનો, જિલ્લા કલેકટરો અને જિલ્લા પોલીસ વડાઓને મળ્યા હતા.

કોંગ્રેસના પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચ સમક્ષ કહ્યું હતું કે ગુજરાતમાં ગઈ વખતે બે તબક્કામાં મતદાન થયું હતું પરંતુ આ વખતે એક તબક્કામાં મતદાન થવું જોઈએ. કોંગ્રેસે બીજી ડિમાન્ડ એ કરી હતી કે મતદાનથી વંચિત રહેતા ચૂંટણી કામગીરીમાં જોડાયેલા ત્રણ લાખ કર્મચારીઓ મતદાન કરી શકે તેના માટે અલગથી વ્યવસ્થા વિચારવી જોઈએ. એ ઉપરાંત રાજય સરકારના કાર્યક્રમોમાં સરકારના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ ભાજપના કાર્યકર

● અનુસંધાન પાન-૭ પર

ભાજપના રાષ્ટ્રીય નેતા સંજય જોષીને જાનથી મારી નાંખવાની ખુલ્લી ધમકી

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૯

ભાજપ અને સંઘના અગ્રણી સંજય જોષીને જાનથી મારી નાંખવાની ધમકી મળતાં તેઓએ પોલીસ રક્ષણ માગ્યું છે. તેમણે જણાવ્યું છે કે મારા ફોન ઉપર ત્રણ અલગ અલગ મોબાઈલથી ધમકીના ફોન આવ્યા છે તેની તપાસ થવી જોઈએ.

સંજય જોષી અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે છત્તીસનો આંકડો છે તેથી ભાજપના પદ ઉપરથી તેમને દૂર કરવામાં આવ્યા છે, ત્યારપછી ગુજરાત, દિલ્હી અને મુંબઈમાં સંજય જોષીની તરફેણમાં પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. છેલ્લા બે મહિનાથી આ વિવાદ ચાલતો હતો ત્યારે સંજય જોષીને આ ફેશ ધમકી આપવામાં આવી છે.

સંજય જોષી ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રી છે. તેમણે કેન્દ્રના ગૃહ મંત્રી પી.ચિદમ્બરમને પત્ર લખ્યો છે અને એવો આગ્રહ કર્યો છે કે ધમકી આપનાર કોણ છે તેનો પત્તો મેળવી તેની સામે ઉચિત કાર્યવાહી કરવામાં આવે.

તેમને આપવામાં આવેલી ધમકીમાં એવું કહેવામાં આવ્યું છે કે હવે તારી હરકતો ખૂબ વધી ગઈ છે. જેનાથી એમ - ને તકલીફ થઈ રહી છે. હવે તૂ એમ પૂછીશ કે અમે કોણ છીએ, તો બતાવી દઈએ છીએ કે એમ - તારી સંસ્થા આરએસએસનો બાપ છે જે રીતે તે અમારા બોસના માર્ગમાં રોડા અટકાવી રાખ્યા છે તે ઠીક નથી. વધુ બદમાશી કરીશ તો વગર મોતે મરી જઈશ.

ત્રણ અલગ અલગ મોબાઈલ પરથી ફોન મળતાં કેન્દ્રીય ગૃહમંત્રી ચિદમ્બરમને પત્ર લખી સુરક્ષા પ્રદાન કરવા તેમજ ધમકી આપનાર સામે તપાસ કરવા વિનંતી

સંજય જોષીએ ચિદમ્બરમને જે પત્ર લખ્યો છે તેમાં અલગ અલગ નંબરથી ત્રણ વખત જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી છે. મારા કામની પ્રકૃતિ અને મારી જવાબદારીને અનુરૂપ મારે દેશભરનો પ્રવાસ કરવો પડે છે અને આ સત્ય બધાંને ખબર છે. મને મારા જીવને ગંભીર જોખમ હોવાનો અનુભવ થઈ રહ્યો છે. હું મારી જાતને દિલ્હીમાં અસુરક્ષિત અનુભવું છું આથી મારી માગણી છે કે ધમકી આપનારને શોધી તેમની સામે કાર્યવાહી કરવામાં આવે.

ચૂંટણીમાં રોકડ પ્રતિબંધના કાયદાથી વેપારી હેરાન થશે : ભાજપની રજૂઆત

ચૂંટણી માટે કાર્યક્રમ નક્કી કરતી વખતે નવરાત્રી, દિવાળી જેવા મહત્વના તહેવારોને ધ્યાનમાં લેવા ભાજપની રજુઆત

અમદાવાદ, તા.૯

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને અનુલક્ષીને ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર સંપથ સહિત ચૂંટણીપંચના ઉચ્ચ અધિકારીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ આજે ભાજપના પ્રતિનિધિ મંડળે મતદાર યાદી સુધારણા, મતદાર યાદીમાં નામ દાખલ કરાવવાની કટ ઓફ તારીખ અને ચૂંટણીનો કાર્યક્રમ નક્કી કરતી વખતે નવરાત્રિ દિવાળી જેવા મહત્વના તહેવારોને ધ્યાનમાં લેવા તેમજ ચૂંટણીમાં રોકડના પ્રતિનિધિના કાયદાથી વેપારીઓ હેરાન થશે તેવી રજુઆત કરી હતી. ભારતીય જનતા પાર્ટીના પ્રતિનિધિ મંડળે કેન્દ્રિય ચૂંટણી પંચને મળીને એવી રજુઆત કરી હતી કે, મતદાર યાદી સુધારણા સંદર્ભે આ સુવિધાનો નાગરિકોમાં યોગ્ય પ્રચાર કરવામાં આવે તથા સંબંધિત અધિકારીઓને ચૂંટણી ફોર્મ ભરવાની આખરી તારીખના ૮ દિવસ પહેલા સુધી મતદાર યાદીમાં નવા નામોની નોંધણી શક્ય છે તે બાબતે યોગ્ય સૂચના આપવામાં આવે તેમજ ભારતીય પાસપોર્ટ ધરાવતા બિનનિવાસી ભારતીયો તેમનું નામ મતદાર યાદીમાં દાખલ કરાવી શકે તે માટે પંચ દ્વારા ફોર્મ-૬ની સુવિધા આપવામાં આવી છે એની યોગ્ય જાહેરાત કરાવવી જોઈએ. આ ઉપરાંત મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે કટ ઓફ તારીખ ૧.૧૦.૨૦૧૨ નક્કી કરવામાં આવી છે. ચૂંટણી ડિસેમ્બર ૧૨માં યોજાવાની છે. ૨૦૧૨ દરમિયાન મતદાનની યોગ્યતાના ઉંમરે પહોંચનાર યુવા પેઢી મત નહીં આપી શકે એટલે આ સંદર્ભમાં વિચારણા કરવા માગણી કરી હતી. ચૂંટણી સમયે આચારસંહિતાના ભંગની ફરિયાદો કરવામાં આવે છે પણ ફરિયાદો પર પગલાં લેવાતા નથી. ભાજપે એવી રજુઆત પણ કરી હતી કે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીના ખર્ચ - હિસાબો માટે સ્પષ્ટ માર્ગદર્શિકાઓ ઘડવામાં આવી છે. કાયદા મુજબ પગલાં લેવાની સત્તા ચૂંટણી પંચે અમલીકરણ સંસ્થાઓને આપી છે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેકટર માટે
સોમનાથ ઈલેકટ્રોનીકસ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેકટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૪૧૯૮૩૬૬